# ઈટાલિયન મરીન મુદ્દે મોદીનો પડકાર

ઈટાનગર,તા. ૩૧

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે આક્રમક અને ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. મોદીએ વિજય ભારત રેલીના ભાગરુપે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો ઉપર પ્રહારો કર્યા હતા. આજે મોદીએ કેટલીક રેલીઓ યોજીને સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. દેશભક્તિવાદના મુદ્દે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, દેશના લોકોને તેમના પ્રમાણપત્રની કોઈ જરૂર નથી. ઈટાલિયન મરીનના મુદ્દે સોનિયા ગાંધી ઉપર મોદીએ તેજાબી પ્રહારો કર્યા હતા. દેશ છોડી જવા કોના તરફથી તેમને તક આપવામાં આવી હતી તેવો પ્રશ્ન કર્યો હતો. મોદીએ ઈટાલિયન મરીનના મુદ્દે વલણ સ્પષ્ટ કરવા સોનિયા ગાંધીને પડકાર ફેંક્યો હતો. સોનિયા ગાંધીની ટિકા કરતા તેઓએ દેશભક્તિવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. સોનિયા ગાંધીએ



ગઈકાલે કહ્યું હતું કે, કેટલાક લોકો દેશભક્તિવાદના ડ્રમ વગાડી રહ્યા છે. મોદીએ આનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, તેમના દેશ માટે લોકોના પ્રેમ અંગે પ્રશ્નો ઉઠાવવા જોઈએ નહીં. મોદીએ દાવો કર્યો હતો કે, ગાંધીએ લોકોના દેશભક્તિવાદ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા છે. કોના ઈશારે ભારતીય માછીમારોને ઠાર મારી દેનાર ઈટાલિયન મરીનો દેશની બહાર જવાની મંજુરી આપવામાં આવી હતી તેવો પ્રશ્ન મોદીએ કર્યો હતો. ઈટાલીમાં પરત જતા રહેવા કેમ મરીનને કહેવામાં આવ્યું હતું. મોદીએ યાદ અપાવી હતી કે, સુપ્રીમ કોર્ટે પણ આ મામલામાં કઠોર વલણ અપનાવ્યું હતું અને કહ્યું હતું કે, મરીન તરત આવશે નહીં. મોદીએ જણાવ્યું હતું કે, ઈટાલીની ચૂંટણીમાં ભાગ લેવા ભારત છોડવા સુપ્રીમ કોર્ટ દ્વારા ઈટાલિયન મરીનોને મંજુરી અપાઈ હતી પરંતુ જ્યારે ઈટાલીએ આ મરીન જવાનોને પરત મોકલવાનો ઈન્કાર કર્યો ત્યારે સુપ્રીમ કોર્ટે દેશ છોડવાથી ઈટાલિયન રાજદૂતને રોકી દીધા હતા. મોડેથી ઈટાલીએ ઝુકી જઈને મરીન જવાનો પરત મોકલ્યા હતા. ગાંધીએ ગઈકાલે ભાજપ ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ધોકાપત્ર સમાન છે અને તે લોકો સાથે છેતરપિંડી છે. કોંગ્રેસે છેલ્લી ચૂંટણીમાં ૧૦૦ દિવસમાં મોંઘવારીને ઘટાડી દેવાની વાત કરી હતી પરંતુ હજુ સુધી મોંઘવારી ઘટી શકી નથી. મોદીએ નવીદિલ્હીમાં અરુણાચલના વિદ્યાર્થીની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, આવા બનાવો બની રહ્યા છે ત્યારે કોંગ્રેસ પ્રમુખ ઉત્તર-પૂર્વની યાત્રા દરમિયાન આવા મુદ્દા ઉઠાવતા નથી.

**નરેન્દ્ર મોદી ઉપર સોનિયા ગાંધીના પ્રહારો**

## લોકસભા ચૂંટણી એકમાત્ર વિકાસના મુદ્દા પર જ નથી

મેવાત,તા. ૩૧

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ પણ આજે આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો અને કહ્યું હતું કે, આ લોકસભાની ચૂંટણી માત્ર વિકાસ માટેની નથી પરંતુ તેમની પાર્ટી બંધારણમાં રજૂ થયેલા બિનસાંપ્રદાયિક મુલ્યોના જનત માટેની પણ રહેશે. આ ચૂંટણીમાં તેમની પાર્ટી બિનસાંપ્રદાયિક મુલ્યોને જાળવી રાખવા માટે લડત ચલાવશે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, આ ચૂંટણી દેશના વિકાસ માટેની નથી. સાથે સાથે સ્વતંત્રતા સેનાનીઓ અને અન્યોના બંધારણીય મૂલ્યોને જાળવી રાખવાની પણ છે. સોનિયા ગાંધીએ મેવાતમાં રેલીને સંબોધતા કહ્યું હતું કે, કોંગ્રેસ અમારા બિનસાંપ્રદાયિક મુલ્યોને સમ્માન આપે છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર તેઓ પ્રહાર કર્યા હતા. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ દેશ માટે લડત ચલાવશે. આ દેશ કેટલાક લોકો માટેનો નથી પરંતુ આ દેશ તમામ લોકોનો છે. જ્યાં તમામને એક સમાન અધિકારો મળેલા છે. સોનિયા ગાંધીએ એમપણ કહ્યું હતું કે, અમે એવા દેશ માટે લડત ચલાવીશું જ્યાં તમામને એકસમાનતા આપવામાં આવી છે. યુપીએના અધ્યક્ષે કહ્યું હતું કે, મનમોહનસિંહ સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષની અંદર જે પગલા લેવામાં આવ્યા છે તેવા પગલા અન્ય કોઈ સરકારે લીધા નથી. મેવાતના પછાત પ્રદેશ સહિત વિવિધ વિસ્તારોમાંથી તમામ પગલા લેવાયા છે.

વિકાસની વાત કરવામાં આવે તો આજે ચિત્ર અલગ દેખાઈ આવે છે. સોનિયા ગાંધીએ ઉમેર્યું હતું કે, કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં દરેક માટે આરોગ્યના અધિકારનું વચન અપાયું છે. ગ્રામીણ રોજગાર સ્કીમ, રાઈટ ટુ એજ્યુકેશન અને આરટીઆઈના અમલીકરણ મારફતે કોંગ્રેસે તમામ વચનો પાળી બતાવ્યા છે. મહિલાઓ સામે હિંસાને રોકવા માટે પણ તમામ પગલા લેવાયા છે.

## આતંકવાદી ભુલ્લરની સજાને આખરે કારાવાસમાં ફેરવાઇ

નવી દિલ્હી,તા. ૩૧

ખતરનાક શિખ ત્રાસવાદી દેવિન્દરપાલ સિંહ ભુલ્લરની ફાંસીની સજાને આજે સુપ્રીમ કોર્ટે આજીવન કારાવાસમાં ફેરવી દીધી હતી. ભુલ્લર તરફથી દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો. ભુલ્લરને વર્ષ ૧૯૯૩માં યુથ કોંગ્રેસની ઓફિસ પર બ્લાસ્ટ કરવાના મામલે અપરાધી જાહેર કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે દયાની અરજીનો નિકાલ લાવવામાં વિલંબ અને તેની આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમના નેતૃત્વમાં ચાર ન્યાયાધીશોની બેંચે આ આદેશ કર્યો હતો. ભુલ્લરની પત્નિ નવનીતકૌર દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે ૨૭મી માર્ચના દિવસે સુપ્રીમમાં કહ્યું હતું કે, ભુલ્લરની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવાને લઈને તેને કોઈ વિરોધ નથી. જો કે, અગાઉ કોંગ્રેસે આની સામે વાંધો ઉઠાવ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ભુલ્લરની માનસિક સ્થિતી સારી નથી. તેની સારવાર ચાલી રહી છે.

સાથે સાથે એમ પણ કહેવામાં આવ્યું હતું કે દયાની અરજી પર નિર્ણય લેવામાં ખુબ સમય લાગ્યો છે. જો કે કેન્દ્ર સરકારે ભુલ્લરની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવાની હિલચાલનો જોરદાર વિરોધ કર્યો હતો. તમામ દલીલો પર સુનાવણી કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે તેની ફાસીની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખી હતી. અત્રે નોંધનીય છે કે ભુલ્લરને યુથ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ એમએસ બિટ્ટાની કાર પર બોમ્બ બ્લાસ્ટ કરવાના કાવતરાના મામલે મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. કેન્દ્ર સરકારે ભુલ્લરની સજાને કારાવાસમાં ફેરવી નાંખવાનો અગાઉ જોરદાર રીતે વિરોધ કર્યો હોવા છતાં તેની દલીલોને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. બિટ્ટાની કારને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા બ્લાસ્ટમાં નવ લોકોના મોત થયા હતા અને બિટ્ટા સહિત અનેક લોકો ઘાયલ થયા હતા.સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

## યુપીએ સરકારના પગલાઓથી શેરબજારમાં તેજી : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૩૧

નાણાંપ્રધાન પી ચિદમ્બરમે આજે તેમની સામે ભાજપ દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, બજારમાં તેજી યુપીએ સરકારના કારણે છે. મોદી ફેક્ટરના કારણે કોઈ તેજી હોવાના અહેવાલને ચિદમ્બરમે રદિયો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, કેન્દ્રમાં સ્થિર યુપીએ સરકાર અને તેના દ્વારા લેવામાં આવેલા પગલાના લીધા બજારમાં તેજી જામી છે. કોઈપણ પ્રકારની આશાના કારણે તેજી જામી નથી. ચૂંટણી બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારની આશા વચ્ચે તેજી આવી રહી નથી. સ્થિર સરકારના કારણે આ તેજી છે. ચિદમ્બરમે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, મોદી કેટલાક મૂડીવાદી લોકોની તરફેણ માટે જાણીતા રહ્યા છે. છેલ્લા ૧૮ મહિનાના ગાળામાં સરકારે અર્થતંત્રને મજબૂત કરવા શ્રેણીબદ્ધ પગલા લીધા છે. એક મુલાકાતમાં ચિદમ્બરમે આ મુજબની વાત કરી હતી. મહેસુલી ખાદ્યને અંકુશમાં



લેવામાં અમને સફળતા મળી છે. વિદેશી હૂંડિયામણ ભંડોળને વધારવામાં અમે સફળ રહ્યા છીએ. ફુગાવાને કાબૂમાં લેવામાં અમે સફળ રહ્યા છે. ચિદમ્બરમે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને વિકાસલક્ષી ગણવામાં આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, યુપીએ સરકારના પગલા તેજી માટે જવાબદાર છે. ચિદમ્બરમે એમ પણ કહ્યું હતું કે, પ્રથમ પાંચ વર્ષના શાસન દરમિયાન ૮.૫ ટકાનો વિકાસદર અમે જાળવી શક્યા હતા જ્યારે આગામી ચાર વર્ષના ગાળામાં ૭.૨ ટકાનો વિકાસદર હાંસલ કરાયો હતો. એનડીએના શાસન દરમિયાન ૭.૨ ટકાનો વિકાસ દર પણ હાંસલ કરાયો ન હતો. ભાજપના આક્ષેપ બિલકુલ આધાર વગરના છે. પ્રથમ વખત મિડિયા સાથે વાતચીત કરતા ચિદમ્બરમે કહ્યું હતું કે, તેમના નેતૃત્વ હેઠળ અર્થતંત્ર ખાડે ગયું છે તેવા આક્ષેપ આધારવગરના છે. ભારતીય અર્થતંત્ર ખુબ મજબૂત છે અને ડાઉનગ્રેડની કોઈ વાત થઈ રહી નથી. વિદેશી હૂંડિયામણ ૩૦૦ અબજ ડોલરની આસપાસ છે. તેમણે કહ્યું હતું કે, રાજકારણમાંથી નિવૃત્તિ લેવાના અહેવાલ અંગે અફવા છે. તેઓ આઠ વખત ચૂંટણી લડી ચુક્યા છે. હવે કેટલીક નવી બાબત કરવા માંગે છે.

## સંજય પાઠક પણ અંતે ભાજપમાં સામેલ થયા

નવીદિલ્હી,તા. ૩૧

કોંગ્રેસના ધારાસભ્ય સંજય પાઠક આજે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં ભાજપમાં સામેલ થવાની જાહેરાત કરી હતી. છેલ્લા ઘણા સમયથી ખરાબ વર્તન કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના ધારાસભ્ય સંજય પાઠક હવે કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઈ ચુક્યા છે. કાંતિ જિલ્લામાં વિજ્યારાઘોગઢ બેઠક પરથી ધારાસભ્ય રહેલા પાઠકનું સ્વાગત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભાજપમાં તેમના સન્માનનું રક્ષણ કરવામાં આવશે. હિન્દુ ધર્મ મુજબ આજે ખુબ સારો દિવસ છે. રાજ્યમાં ભાજપ આના લીધે મજબૂત થશે. લોકસભાની ચૂંટણી મજબૂત છે ત્યારે ભાજપને વધુ મજબૂત કરવાની જરૂરિયાત ઉપર શિવરાજસિંહ ચવાણે ભાર મુક્યો હતો. શિવરાજસિંહે કહ્યું હતું કે, મધ્યપ્રદેશમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપ અતિ શાનદાર દેખાવ કરશે. પક્ષના કાર્યકરોનો જુસ્સો ખુબ વધેલો છે.

## સમાચાર ઝલક

- અમદાવાદમાં વિદેશી યુવતી પર હુમલો કરી લૂંટ ચલાવીને લૂંટારા ફરાર.
- બિહારમાં બાપે જ દીકરીના પ્રેમીના ૫ ટુકડા કરી ખેતરમાં લાશ ફેંકી દીધી.
- પી.એ સે પી.એમ. તકનું ટેલર રજુ થતાં જ તેના પર સેન્સર બોર્ડનો પ્રતિબંધ.
- ચૂંટણીમાં કાળા નાણાના ઉપયોગ સામે જાસૂસી એજન્સીઓની નજર.
- કાપડ માર્કેટમાં લગનસરાની સાડીઓની ખરીદી શરૂ, પોલીએસ્ટર કાપડનું માર્કેટ મંદુ.
- આચાર સંહિતાના ભંગની યોગ્ય તપાસ નહીં કરતાં વીજાપુરના ચીફ ઓફિસર સસ્પેન્ડ.
- ચીનની નીતીથી ભારતના કોટન ઉદ્યોગમાં મંદી.
- ચૈત્રી નવરાત્રીમાં અંબાજી, બહુચરાજી, પાવાગઢમાં ભક્તોનો મહેરામણ ઉમટ્યો.
- શારીરિક વિકલાંગ લોકોને હવાઇ યાત્રામાં ખાસ સુવિધાનો આદેશ.
- ગોંડલમાં જાણીતા ઉદ્યોગપતી અનિલભાઇ સેલાણીનો આપઘાત.
- રાજયભરમાં તિજોરી કચેરીઓમાં માર્ચ એન્ડીંગનો ધમધમાટ, કરોડોના ચુકવણા થયા.
- ભાજપ દ્વારા ગુજરાતમાં ત્રણ તબીબોને લોકસભાની ટિકીટ આપી. ભાવનગર, અમદાવાદ (પૂર્વ), વલસાડમાં ટિકીટ ફાળવી.
- અમેરિકાના વિઝા માટે 'એજન્ટ'ની જરૂર નથી, હવે પ્રક્રિયા ખુબ સરળ બની છે.
- ક્રેડિટ કાર્ડ વસ્ત્રોની ખરીદી માટે સૌથી વધુ વપરાય છે.
- ૧૦ વર્ષમાં વડાપ્રધાન મનમોહનસિંહ ૧૧૧૭ વખત બોલ્યા, ૧૬૦૦ અખબારી યાદી પ્રસિદ્ધ કરાઇ.
- એવર-રેડી પાવરનાં ભાવમાં વધારો થયો.
- આધારકાર્ડનો નિર્ણય સુપ્રીમ કોર્ટે રદ કરતા રૂા. ૫૦૦૦ કરોડ પાણીમાં પડ્યા.
- અમરનાથ-વૈષ્ણોદેવીના યાત્રાળુઓ પર આતંકવાદીઓનો ખતરો વધ્યો.
- વડોદરામાં નરેન્દ્ર મોદીનું બેંક ખાતું ખોલાવવા વિવિધ બેંકોમાં સ્પર્ધા.
- આજે ઝુલેલાલ જંયતિ (ચેટી ચાંદ) ની સિંધી સમાજ ઉજવણી કરશે.
- ૭૫ વર્ષની ઉંમરવાળા વયસ્કોને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ઘરે પેન્શન પહોંચાડવાની વ્યવસ્થા કરશે, ૫૦ રૂા. ચાર્જ થશે.
- તલાટીની પરીક્ષાના પરિણામ જાહેર કરવા પર ચૂંટણીપંચની રોક.



રાષ્ટ્રપતિ ભવનમાં આજે આયોજિત થયેલા સમારોહમાં પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. આર.એ. માશેલકર, બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદ, બોલવુડ અભિનેત્રી વિદ્યા બાલન તેમજ અભિનેતા કમલ હસન સહિત વિભિન્ન ક્ષેત્રોની ૬૬ જાણીતી હસ્તીઓને વર્ષ ૨૦૧૪ના પદ્મ પુરસ્કારોથી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે સન્માનિત કરાયા હતા.

## બેની પ્રસાદ સામે અંતે આચારસંહિતાનો કેસ

ગોંડા,તા. ૩૧

કેન્દ્રીય સ્ટીલ પ્રધાન અને કોંગ્રેસના ઉમેદવાર બેનીપ્રસાદ વર્મા ઉપર આચારસંહિતા ભંગ બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. બેની પ્રસાદે રવિવારની સાંજે તારાબગંજ તહેસીલમાં રોડ શોનું આયોજન કર્યું હતું જેમાં પરવાનગીની હદ કરતા પણ વધારે વાહનો સામેલ કરવામાં આવ્યા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ વિકાસ ગોઠાલવાલ દ્વારા આજે આ મુજબની માહિતી અપાઈ હતી. આ વાહનોને ઘણી જગ્યાએ રોકવામાં આવ્યા હતા જેના કારણે ટ્રાફિક જામની સ્થિતિ ઉભી થઈ હતી. ફલાઈંગ ટુકડીના અધિકારીઓએ બેની અને તેમના સમર્થકો સામે એફઆઈઆર દાખલ કરી હતી જેથી બેની પ્રસાદ સામે હવે આચારસંહિતા ભંગનો કેસ નોંધવામાં આવ્યો છે.

## દેશમાં આતંકવાદી હુમલા કરવા રિયાઝને કરોડો રૂપિયા અપાયા

નવી દિલ્હી,તા. ૩૧

ભારતના જુદા જુદા ભાગોમાં ત્રાસવાદી હુમલા કરવા અને આતંક મચાવવાના હેતુથી પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા ઈન્ડિયન મુઝાહીદ્દીનની ખતરનાક ત્રાસવાદી રિયાઝ ભટકલને છેલ્લા ત્રણ વર્ષના ગાળા દરમિયાન ૨૬ કરોડની રકમ આપી છે. નવા અહેવાલથી સાબિત થાય છે કે આઈએસઆઈ ત્રાસવાદીઓની મદદથી તેના હેતુ પાર પાડવામાં સફળતા મેળવવા ઈચ્છુક છે. જો કે આઈએસઆઈના તેના પોતાના શખ્સો પણ ભારત વિરોધી અન્ય પ્રવૃતિઓમાં સામેલ છે. જેમાં ભારતના જુદા જુદા ભાગોમાં બનાવટી નોટ ઘુસાડવાની બાબતનો સમાવેશ થાય છે. કેન્દ્રિય તપાસ સંસ્થા દ્વારા હાલમાં પકડી પાડવામાં આવેલા સંદેશાઓમાં અનેક ચોંકાવનારી બાબતો જાણવા મળી છે. જેના ભાગરૂપે આઈએસઆઈ દ્વારા દેશમાં ત્રાસવાદીઓને પુરતી મદદ કરવામાં આવી રહી છે. ટોચના આંતરિક સુરક્ષા અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ભારતમાં ઈન્ડિયન મુઝાહીદીનના સૌથી મહત્વપૂર્ણ સભ્ય તરીકે કામ કરવા માટે આઈએસઆઈ તરફથી ભટકલ પર ખુબ દબાણ હતુ. તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે આઈએસાઈની યોજનાને પણ મરણતોળ ફટકો પડ્યો છે. ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની પટણા રેલીમાં ૨૭મી ઓક્ટોબરના દિવસે શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કરવા સિવાય ત્રાસવાદીઓને અને ઈન્ડિયન મુઝાહીદીનને કોઈ મોટી સફળતા મળી નથી. પટણા રેલીમાં બ્લાસ્ટ કરવામાં સીમીના કટ્ટરપંથી સભ્યોની સંડોવણી હતી.કરાચીમાં સ્થિત ત્રાસવાદી રિયાઝ ભટકલ વેસ્ટર્ન યુનિયન મની ટ્રાન્સફર અને હવાલા ડિલર્સ મારફતે ભારતમાં ત્રાસવાદી હુમલા કરવા અને હિંસા ની પ્રૃતિઓને આગળ વધારવા માટે યાસીન ભટકલ, અસાદુલ્લા અખ્તર, તહેસીન ઉર્ફે મોનુ અને જિયા ઉર રહેમાન ઉર્ફે વકાસ, શાકીવ અને અન્યોને નાણા મોકલતો હતો. ત્યારબાદ આ તમામ શખ્સો તેમની ગતિવિધીને આગળ વધારી રહ્યા હતા. સુત્રોએ કહ્યું છે કે જુદી જુદી માંગના આધાર પર આ નાણા મોકલવામાં આવી રહ્યા હતા. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ભારત વિરોધી ગતિવિધીઓ માટે ત્રાસવાદીઓને જંગી રકમ મળી રહી હતી. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં જે ત્રાસવાદી પ્રવૃતિઓ માટે કેમ્પ ચાલે છે તેના નાણાં જુદા છે. આના આમાટે આઈએસઆઈ દ્વારા અલગ રીતે નાણાં મુકવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં રિયાઝ ભટકલને આઈએસઆઈ તરફથી કરોડોની રકમ મળી હતી. આઈએમની પ્રવૃતિથી અલગ થઈ ચુકેલા અને હાલમાં સંકજામાં આવી ગયેલા આઈએમના સભ્ય દ્વારા આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. યાસીન ભટકલની હાલમાં પુરછપરછ ચાલી રહી છે. વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન ભારતમાં અનેક જગ્યાએ ત્રાસવાદી હુમલા કરવામાં આવ્યા હતા. હવે આઈએસઆઈના સૌથી વિશ્વસનીય સંગઠન તરીકે આઈએમ છે. કારણ કે આઈએમના સભ્યોએ આઈએસઆઈની કેટલીક યોજનાને સફળરીતે અમલી બનાવી છે.

**વિચાર યાત્રા** (પાના નં. ૪ નું ચાલુ)

કેટલાક ખોટા સંદેશાઓ પણ મળે છે. ઉદાહરણ તરીકે મારા કપાળ પર રિવોલ્વર મૂકીને અઝખમાંથી કોઈ જબરદસ્તી પૈસા કઢાવવા દબાણ કરી રહ્યું હોય તો અઝખનો પિન નંબર ધો એન્ટર કરો તો સાયરન વાગવા માંડે છે.

વાસ્તવિકતા એ છે કે, આ એક હોક્સ મેસેજ છે. તેનો ફેલાવો રોકવા આમ તો આપણે કશું જ ન કરી શકીએ. પણ હાસ્યકાર કહે છે કે, કેટલાક માણસો નડે નહિ એ જ એમણે કરેલી સમાજસેવા છે. આવા મેસેજ માટે પણ એવું જ કહી શકાય. તમે આવી વાતો કધફર્મ કર્યા વગર કોઈને મોકલો નહિ એ જ એક પ્રકારની સેવા છે.

સામાજિક માધ્યમ વિવેક આ એક અદ્ભુત કળા છે, સાવ સરળ હોવા છતાં તેનો કૌશલ્ય બહુ ઓછા લોકોને માલુમ છે. કેટલાક લોકોને એવી ગંદી આદત હોય છે કે, મિત્રોની મહેફિલમાં બેઠા હોય ત્યારે કે ઘેર ભાઈ-ભાંડરા ભેળા થયા હોય ત્યારે પણ એ ડોકું નીચું કરીને સમૂળગા મોબાઈલમાં ઘૂસી ગયા હોય છે.

વૈજ્ઞાનિકોએ ભલે રિસર્ચ ન કર્યું હોય, અમારું સંશોધન કહે છે કે, જો પરિસ્થિતિ આવી જ રહેશે તો ઉત્ક્રાંતિના નિયમ મુજબ આવનારી પેઢીના બાળકો વાંકી ડોક સાથે પેદા થશે. આંગળીના ટોચકાનો ઉપયોગ એટલો વધ્યો છે કે, ભવિષ્યની પેઢી ઘસાયેલા ટોચકા સાથે જન્મશે. સામાજિક માધ્યમો આપણાં જીવનનો એક ભાગ છે, એ સમગ્રજીવન નથી. તેમાંથી બ્રેક લેવો જરૂરી છે એવુ કહેવું યોગ્ય નથી. વાસ્તવિકતા એ છે કે, રોજબરોજની ઘટમાળમાંથી બ્રેક લેવા તેનો ઉપયોગ થાય એ વધુ યોગ્ય છે. સામાજિક માધ્યમોની આવી મેનર્સ પણ તેની કળા જ ગણાય. માત્ર બેટ હાથમાં ઝાલવાથી કોઈ ક્રિકેટર બની જતું નથી. ફક્ત સ્માર્ટ ફોન ખરીદવાથી કોઈ સ્માર્ટ બની જતું નથી. સ્માર્ટ-એન્ડ્રોઈડ કે વિન્ડો ફોનમાં તરેહતરેહની સવલતો મળતી હોય છે, તેનો સદુપયોગ કરવો એ જ એક કળા છે. એન્ડ્રોઈડ પર કેમ સ્કેન નામની એપ્લિકેશન છે, તેનો ઉપયોગ કરો તો સ્કેનરની આવશ્યકતા નથી, આખેઆખો લેખ તમે મોબાઈલમાં ફોટો ખેંચી, ડઉત્રઃ ફોર્મેટમાં મોકલી શકો. સ્માર્ટ ફોનમાં બ્લડ પ્રેશર માપવા માટેની એપ્લિકેશન આવે છે. માટે માત્ર કૅમેરાના લેન્સ પર આંગળી મૂકવાની, બસ. એ દસ સેકન્ડમાં બી.પી. દેખાડી દેશે. તેમાં હોકાયંત્ર જેવું કામ આપતી -કમ્પાસ નામની એપ્લિકેશન પણ આવે છે અને મોબાઈલ રિચાર્જ, બિલ પેમેન્ટ કે ઉર્જા પેમેન્ટ, ડેટા કાર્ડ પેમેન્ટ વગેરે માટે અફલાતૂન એવી ફ્રકૂર્લિ નામની એપ્લિકેશન પણ ઉપલબ્ધ છે. ઈન્ડિયન રેલવેની એપ્લિકેશન પણ છે અને વિવિધ બેંન્કોની એપ્લિકેશન્સ પણ ખરી.

સમસ્યા એ છે કે, આપણું ધ્યાન ફેસબુક કે વ્હોટ્સએપ કે ટ્વિટર સિવાય બહુ ઓછી જગ્યાએ જતું હોય છે. આ બધી સુખ-સવલતોનો સરસ ઉપયોગ કરવો એ એક કળા છે. પણ સ્મરણ રહે માત્ર મોબાઈલ કે ટેકનોલોજી એ જ આપણું જીવન નથી.

જિંદગી બહુ વિશાળ છે. છ ઈંચના ફુલ એચ.ડી. સ્ક્રીનમાં એ સમાઈ ન શકે, ગોરિલા ગ્લાસ કરતા પણ વધુ સ્પષ્ટ વિઝન નિહાળી શકાય એવા સોફ્ટવેર આપણામાં ઉપરવાળાએ ઈન-બિલ્ટ રાખ્યા છે. દુર્ભાગ્યે આપણે આ બધા ફીચર્સ ઓફફ મોડ પર રાખ્યા છે.

## નકવી વિરૂદ્ધ બદનક્ષીનો કેસ શબ્બીર દ્વારા દાખલ

નવી દિલ્હી,તા. ૩૧

જનતા દળ યુનાઇટેડના ભૂતપૂર્વ નેતા શબ્બીર અલીએ આજે ભાજપના નેતા મુખ્તાર અબ્બાસ નકવી સામે બદનક્ષીનો કેસ દાખલ કરી દીધો હતો. તેમની સામે કરવામાં આવેલા આક્ષેપો બદલ આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન શબ્બીર અલીના પત્નિ યાસ્મીને માફી માંગવાની માંગણી કરી હતી.

અલીના પત્નિ યાસ્મીન અલીએ નવી દિલ્હીમાં નકવીના નિવાસસ્થાનની બહાર દેખાવો શરૂ કર્યા હતા અને તેમના પરિવારના આતંકવાદીઓ સાથે સંબંધ રહેલા છે તેવા આક્ષેપ કરવા બદલ માફી માંગવા ભાજપના નેતાને કહ્યું હતું. નકવી માફી માંગે તેવી અમારી ઇચ્છા છે. મુખ્તાર અબ્બાસનકવી અને શબ્બીર અલી સામે હાલ સામસામે આક્ષેપો થઇ રહ્યા છે. અગાઉ અલીએ ભાજપના બિહાર એકમને પત્ર લખીને કેટલાક સૂચન કર્યા હતા. શનિવારના દિવસે ભાજપમાં અલીની મેમ્બરશીપને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અલીએ કહ્યું હતું કે, નકવી જેવા નેતાઓ ભાજપને મુસ્લિમોથી દૂર રાખવાનું કામ કરી રહ્યા છે.